**આરોપી શોભનાબેન વા/ઓ અરજણભાઇ રવજીભાઇ રાઠોડ જાતે– દેવીપુજક ઉ.વ.૪૫, ધંધો– ઘરકામ, રહે. મીરા ઉધ્યોગ, જી.આઇ.ડી.સી. શેરી નં.૫/૯ નો ખુણો, મેલડી માતાના મંદીર પાસે, મફતીયાપરા, રાજકોટ શહેર નાઓની થોરાળા પો. સ્ટે. ગુ. ર. નં. ૧૧૨૦૮૦૫૬૨૬૦૫૭૭/૨૦૨૬ પ્રોહી કલમ ૬૫ (ઇ), બી, સી, ડી, એફ, ૮૧ લગતના ગુનાના જામીન અરજી તળે હુકમ**

(૧) અરજી વંચાણે લીધી.આરોપીના વિ.વ.શ્રી આર.ડી.મકવાણા નાઓને સાંભળ્યા,તેઓએ જામીન અરજી લગત દલીલ કરેલ છે કે,હાલના કેસની ટ્રાયલ ચલાવવાની સતા અત્રેની કોર્ટને છે તેમજ આરોપી સ્થાનીક રહેવાસી હોય નાસી ભાગી જાય તેમ નથી તથા નામદાર કોર્ટ જે શરતો ફરમાવશે તે શરતોનું પાલન આરોપી ચુસ્તપણે કરશે અને હાલની જામીન અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૨) હાલની જામીન અરજી વિરુધ્ધ સરકારી વકીલ શ્રીનાઓએ જામીન અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૩) આ કામે એફ.આઇ.આર.તથા રજુ રેકર્ડ વંચાણે લેતાં આરોપી વિરુધ્ધ પ્રોહી એકટની કલમ ૬૫(ઇ), બી,સી,ડી,એફ, ૮૧ મુજબના ગુનાના આક્ષેપો છે. આરોપીઓએ જાહેરમાં ગે.કા. દેશીદારૂ બનાવવા માટેની ભઠ્ઠી ચાલુ રાખી દેશીદારૂ લીટર ૪૪૦ કિ.રૂ. ૮૮,૦૦૦/– તથા દેશી દારૂ બનાવવાનો ઠંડો તથા ગરમ આથો લીટર ૧૧૫૦ કિ.રૂ. ૨૮,૭૫૦/– તથા ભઠ્ઠી ના સાધનો તથા લાટો કિ.રૂ. ૪૧૫૦ ગણી કુલ મુદામાલ કિ.રૂ. ૧,૨૦,૯૦૦/– નો રાખી આ કામના આરોપી નં. ૧ તથા ૨ હાજર મળી આવેલ છે પરંતુ સદર કામના અરજદાર/આરોપી સ્થળ પરથી હાજર મળી આવેલ નથી જેથી આરોપી વિરુધ્ધના આક્ષેપો જોતાં તથા નામદાર વડી અદાલતના પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર તથા કેસના પરીબળો જોતાં આરોપીને યોગ્ય શરતોને આધીન જામીન મુકત કરવા યોગ્ય જણાય આવે છે જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

આ કામના શોભનાબેન વા/ઓ અરજણભાઇ રવજીભાઇ રાઠોડ જાતે- દેવીપુજક ઉ.વ.૪૫, ધંધો- ઘરકામ, રહે. મીરા ઉધ્યોગ, જી.આઇ.ડી.સી. શેરી નં.૫/૯ નો ખુણો, મેલડી માતાના મંદીર પાસે, મફતીયાપરા, રાજકોટ શહેર નાઓની થોરાળા પો. સ્ટે. ગુ. ર. નં. ૧૧૨૦૮૦૫૬૨૬૦૫૭૭/૨૦૨૬ પ્રોહી કલમ ૬૫ (ઇ), બી, સી, ડી, એફ, ૮૧ મુજબના લગતની જામીન અરજીમાં આરોપી ને રુ.૨૫,૦૦૦/- (રુપીયા પચ્ચીસ હજાર) ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાતજામીન રજુ કર્યેથી નીચેની શરતોને આધીન જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

## શરતો

(૧) આરોપીએ તપાસના કામે સહકાર આપવો અને તપાસ કરનાર અમલદાર જયારે બોલાવે ત્યારે હાજર રહેવું.

(૨) આરોપીએ ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહી કે સાક્ષી પુરાવા તોડવા ફોડવા પ્રયત્ન કરવો નહી.

(૩) આરોપીએ ટ્રાયલ દરમ્યાન નિયમિત રીતે હાજર રહેવું.

(૪) આરોપીએ તેમના રહેણાંકનું પુરુ સરનામું, મોબાઈલ નંબર સાથે લેખીત પુરસીસથી અત્રેની કોર્ટમાં તથા તપાસ કરનાર અમલદાર સમક્ષ રજુ કરવું અને અત્રેની કોર્ટની પરવાનગી વગર તેમાં ફેરફાર કરવો નહી.

હુકમ આજરોજ તા.૦૮/૦૮/૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ.

તા.૦૮/૦૮/૨૦૨૬ ઇ.ચા. ત્રીજા એડી.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક.

રાજકોટ